# ROSHNI

Reaching Out to Serve Humanity with New Initiatives



## અમારા વિષે :


પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. અહી સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થયેલ આ સફરમાં આજે અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો અને સમુદાય સહભાગી બનેલ  છે.

PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS

April 2026 | Issue No. 77 | A monthly newsletter

## પિતૃત્વનું અનોખું ઉદાહરણ: સોહેલભાઈ અને હિફઝાનની પ્રેરણાદાયી સફર





સામાન્ય રીતે વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકની સંભાળમાં 'માતા'નું નામ અગ્રેસર હોય છે, પરંતુ સોહેલભાઈએ એક પિતા તરીકે સમર્પણની નવી પરિભાષા લખી છે. ૧૭ વર્ષની લાંબી રાહ બાદ તેમણે હિફઝાનને દત્તક લીધો. જન્મજાત શારીરિક અને માનસિક પડકારો હોવા છતાં, સોહેલભાઈએ તેને પૂરા દિલથી સ્વીકાર્યો. તેમનો હિફઝાન પ્રત્યેનો પ્રેમ એટલો અજોડ છે કે તેઓ કહે છે, "હિફઝાન જ અમારું સર્વસ્વ છે." દરરોજ રાત્રે ૧૧ વાગ્યે હિફઝાનને સાયકલ પર ફેરવવાની તેમની દિનચર્યા પિતા-પુત્રના અતૂટ બંધનનું પ્રતીક છે.

ચાર વર્ષ પહેલા જ્યારે હિફઝાન 'પ્રભાત'ના સંપર્કમાં આવ્યો, ત્યારે તેની વાણી અને વર્તનમાં ઘણા પડકારો હતા. પ્રભાત ટીમની થેરાપી અને પરિવારના સહયોગથી આજે તે લાગણીઓ વ્યક્ત કરતો થયો છે. પોતાના બાળકને અન્ય ની જેમ દોડતો, બોલતો જોવા ઈચ્છતા વાલી સાથે સંતુલન જાળવી તેમનું પરામર્શ હમેશા પ્રભાત ટીમ માટે વિશેષ અને ક્યારેક પડકાર પણ બને છે. તેથી જ પ્રભાત ટીમ ની ભૂમિકા માત્ર બાળક પુરતી સીમિત નથી માતા પિતાને પણ એ વાસ્તવિકતા સ્વીકારવા અને છતાંએ જે શક્ય ત્યાં સુધી પ્રયાસો કરવા તે માટે ખભે ખભા મિલાવીને કાર્ય કરે છે. પ્રભાત માને છે કે ખરું સમાવેશન ધીરજ અને સમજણથી શરૂ થાય છે કે દરેક બાળક અલગ રીતે વિકાસ પામે છે, અને પ્રગતિ હંમેશા પરંપરાગત અપેક્ષાઓ દ્વારા માપી શકાતી નથી. ધીરજ, સુસંગતતા અને ભાવનાત્મક સ્વીકૃતિ અને હસ્તક્ષેપ જેટલી જ મહત્વપૂર્ણ બની જાય છે. આ સાથે, પ્રભાત આવા પિતાઓને સલામ કરે છે જે બાળકની ગરિમા અને આદરનો પાયો છે.

**તૈયાર કરનાર : નીકુલ સોલંકી (સ્પેશ્યલ એજ્યુકેટર )**

## કાર્યક્રમની ઝલક

**શૈક્ષણિક સમાવેશ: સમાન તક અને સફળતાનું સીમાચિહ્ન**



રિસોર્સ સેન્ટરના ધોરણ ૩ થી ૮ માં અભ્યાસ કરતા ૧૧ બાળકોએ તાજેતરમાં વાર્ષિક પરીક્ષા આપીને તેમની શૈક્ષણિક યાત્રાનું એક મહત્વપૂર્ણ સોપાન સર કર્યું છે. ન્યુરોટાઇપિકલ (સામાન્ય) સહાધ્યાયીઓ સાથે ખભેખભા મિલાવીને પરીક્ષા આપતા આ બાળકોની પ્રગતિ એ માત્ર શૈક્ષણિક સિદ્ધિ નથી, પરંતુ 'એકીકરણ' થી સાચા 'શૈક્ષણિક સમાવેશ' તરફનું મક્કમ ડગલું છે.

દરેક બાળકને પોતાની યોગ્યતા સાબિત કરવાની સમાન તક મળે અને તેઓ મુખ્ય પ્રવાહમાં ભળે તે જ અમારા પ્રયાસોનું સાર્થક પરિણામ છે.

**અસેસમેન્ટ અને ત્રિમાસિક ગોલ માટે બેઠક**



ભાઈપુરા સેન્ટરમાં ડોક્ટર કિલ્લોલ અને ડોર. માલવ દ્વારા સર દ્વારા ૭ બાળકોનું સ્પીચ અસસેસમેન્ટ કરવામાં આવ્યું. તથા વાલીઓને મૂંઝવતા પ્રશ્નોની ચર્ચા કરી નિવારણ માટે માર્ગદર્શન આપવામાં આવ્યું.

**આંગણવાડી સમાવેશી શિક્ષણ તરફ : વાલી અને આંગણવાડી કાર્યકરનું અસેસમેન્ટ** : સમાવેશી આંગણવાડીના વિઝન સાથે 'પ્રભાત' વ્યૂહાત્મક રીતે આગળ વધી રહ્યું છે. ૧૦ આંગણવાડીના દરેક બાળકના સ્ક્રીનીંગ બાદ, હવે વાલીઓ અને કાર્યકરોનું વિગતવાર અસેસમેન્ટ (મૂલ્યાંકન) કરવામાં આવ્યું.

**વાલી અસેસમેન્ટ નો** મુખ્ય હેતુ બાળકને તેની માનસિક, શારીરિક અને ભાવનાત્મક સ્થિતિના આધારે સમજવાનો છે. જયારે આંગણવાડી કાર્યકર પાસેથી તેમની કાર્યની ક્ષમતા અને સ્થિતિ જાણી, આગળ તેમની સાથે આયોજનબદ્ધ રીતે કાર્ય કરવા નું હતું

## એડવોકસી (હિમાયત )

**ટેકનોલોજી અને પર્યાવરણનો સંગમ: 'Our Planet, Our Power' થીમ સાથે પૃથ્વી દિવસની ઉજવણી**



ભાઈપુરા સેન્ટર ખાતે આ વર્ષે 'અર્થ ડે ૨૦૨૬' ની ઉજવણી 'Our Planet, Our Power' ના વૈશ્વિક સૂત્ર સાથે અત્યંત ઉત્સાહપૂર્વક કરવામાં આવી. S&P ગ્લોબલના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં પર્યાવરણના જતન કાજે વૃક્ષારોપણ જેવી પ્રવૃત્તિઓ કરી પ્રકૃતિ પ્રત્યેની જવાબદારીનો અહેસાસ કરવામાં આવ્યો. આ ઉજવણીમાં ટેકનોલોજી અને પર્યાવરણનો અનોખો સમન્વય ત્યારે જોવા મળ્યો જ્યારે S&P ગ્લોબલ દ્વારા પ્રભાતને લેપટોપનું મહામૂલું યોગદાન આપવામાં આવ્યું. આ લેપટોપના 'રી-યુઝ' (પુનઃઉપયોગ) થકી ડિજિટલ કચરો ઘટાડવાનો પર્યાવરણીય સંદેશ તો મળ્યો જ, સાથે સાથે પ્રભાત હવે પોતાના સમાવેશી અભ્યાસક્રમમાં ડિજિટલ સાક્ષરતાને વધુ મજબૂત બનાવી શકશે.

આમ, આ પૃથ્વી દિવસ માત્ર પર્યાવરણીય જાગૃતિ જ નહીં, પરંતુ ટેકનોલોજીના માધ્યમથી અમારા બાળકો માટે આધુનિક શિક્ષણના નવા દ્વાર ખોલનારો સાબિત થયો.

**Child Rights Collective Group (CRCG)** ની ત્રિ-દિવસીય વ્યૂહાત્મક કાર્યશાળા ગુજરાતની બાળકો સાથે કાર્ય કરતી સભ્ય સંસ્થાઓ આ કાર્યશાળામાં સહભાગી બની હતી. આ મનોમંથન બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય નેટવર્કને વધુ ગતિશીલ અને મજબૂત બનાવવાનો હતો. કાર્યશાળામાં સભ્ય સંસ્થાઓએ નેટવર્કની આગામી ભૂમિકા, ભવિષ્યનું સચોટ આયોજન અને સંસ્થાની વિઝિબિલિટી (દ્રશ્યતા) ને વધુ અસરકારક બનાવવા જેવા પાયાના મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. આ બેઠકના અહેવાલના આધારે, આગામી સમયમાં નેટવર્કની કાર્યદિશા નક્કી કરવા માટે ફરી એકવાર પરામર્શ બેઠક યોજવામાં આવશે.



## રીસર્ચ – સંશોધન

**ફોલોઅપ સત્ર નું આયોજન :**

LPG સિલિન્ડરના વધતા ભાવ અને અછત વચ્ચે ઈ-કુકિંગના સહભાગીઓ સાથે યોજાયેલી ચિંતન બેઠક પરિવર્તનની સાક્ષી બની. સહભાગીઓએ ઉત્સાહભેર જણાવ્યું કે ઇલેક્ટ્રિક કુકિંગના ઉપયોગથી ગેસનો વપરાશ એટલો ઘટ્યો છે કે જે સિલિન્ડર એક મહિનો ચાલતું તે હવે ચાર મહિના સુધી ચાલે છે. આ રસોઈ હવે માત્ર ઘર પૂરતી સીમિત ન રહેતા ટિફિન સર્વિસ અને ફૂડ સ્ટોલ જેવા વ્યવસાયિક વિચારોમાં પણ પરિવર્તિત થઈ રહી છે, જે આર્થિક સશક્તિકરણની નવી દિશા સૂચવે છે.



આ સમગ્ર સફર અને બહેનોના આધુનિક તથા સ્વાવલંબી બનવાના પ્રયાસોને કંડારતી એક દસ્તાવેજી ફિલ્મ પણ યુ-ટ્યુબ પર અપલોડ કરવામાં આવી છે, જે ડિજિટલ રસોઈની આ ક્રાંતિને જીવંત રીતે રજૂ કરે છે. ફિલ્મની લીંક :

https://youtu.be/8V8kPdJw2Kw?si=eY2pqRtTJbWhCFZ9

## ટીમ બિલ્ડિંગ


**રસોઈના એ ધુમાડાની હવા, રસપ્રદ વાર્તાઓ અને એકતાથી ભરેલો શનિવાર!** : ટીમ માટે રોજિંદા કાર્યથી નવીન કંઇક સાથે ટીમને વધુ મજબુત બનાવવાનો ઉદેશ્ય સાથે આ મહિને, 'પ્રભાત' એ એક નવી પરંપરા શરૂ કરી - દર મહીને ટીમના પ્રતિનિધિ દ્વારા જ નેતૃત્વ લેવામાં આવશે અને નવીન પ્રવૃતિઓ દ્વારા ટીમ ભાવના વધુ મજબુત કરવામાં આવશે. ત્યારબાદ, ટીમ કાર્યક્રમની પ્રગતિ અને અનુભવો નું શેરીંગ કરશે.



આ મહિને આકર્ષક ટીમ-નિર્માણ પ્રવૃત્તિઓ સાથે કરવામાં આવી. - આંખો પર પાટા બાંધેલી રમતોથી લઈને ભાગીદાર પડકારો સુધી - જેમાં દરેકને હસવું, સ્પર્ધા કરવી અને સમાન ઉત્સાહ સાથે સાથે કામ કરવું પડ્યું.

આગળ, બધી ટીમોએ પરંપરાગત પદ્ધતિઓનો ઉપયોગ કરીને સંપૂર્ણ ભોજન તૈયાર કરવા માટે સાથે મળીને કામ કર્યું - શાકભાજી કાપવા અને રાંધવાથી લઈને ચૂલા પર રસોઈ કરવા સુધી. આ અનુભવ માં આંનદ , રસપ્રદ અને સંપૂર્ણપણે સહયોગી હતો. દિવસના બીજા ભાગમાં કાર્યક્રમોને કાર્યક્ષમ અને અસરકારક રાખવામાં ઝીણવટભર્યા દસ્તાવેજીકરણ અને રિપોર્ટિંગની ભૂમિકાની ચર્ચા કરવામાં આવી. જેમાં દસ્તાવેજીકરણ નું મહત્વ અને તેની રજૂઆત પર સામુહિક પદ્ધતિ ટીમ દ્વારા નક્કી કરવામાં આવી. આવતા મહીને વધુ નવી ટીમ બિલ્ડિંગ પ્રવૃત્તિ અને રીપોર્ટીંગ ની પરંપરાને જાળવી રાખવામાં આવશે.

## ગૌરવની ક્ષણ: પ્રભાતના સેન્ટર કો-ઓર્ડિનેટર પ્રણવ શાહનું પુસ્તક લેખનમાં પ્રદાન




અમને જણાવતા અત્યંત આનંદ થાય છે કે 'પ્રભાત'ના સેન્ટર કો-ઓર્ડિનેટર પ્રણવ શાહ દ્વારા લિખિત એક પ્રકરણ તાજેતરમાં પ્રકાશિત થયેલા પુસ્તક **'Sustainable Development Goals and Disability Inclusion'** માં સ્થાન પામ્યું છે. એમેઝોન ઈન્ડિયા પર ઉપલબ્ધ આ પુસ્તક ટકાઉ વિકાસના લક્ષ્યો (SDGs) અંતર્ગત સમાવેશી શિક્ષણ, સુગમતા અને સામાજિક ન્યાય જેવા મહત્વના વિષયો પર પ્રકાશ પાડે છે. પ્રણવભાઈનું આ પ્રદાન ક્વોલિટી રિસર્ચ અને ક્ષેત્રીય અનુભવોને શૈક્ષણિક તથા નીતિ-વિષયક ચર્ચાઓ સુધી પહોંચાડવાનું એક મહત્વનું ડગલું છે. ગ્રાઉન્ડ લેવલના અનુભવોને વૈશ્વિક પ્લેટફોર્મ પર રજૂ કરવા બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન!

https://www.amazon.in/Sustainable-Development-Disability-Inclusion-

## ઘરોબો

### વાલી સહભાગિતા: કૌશલ્ય અને સર્જનાત્મકતાનું સંગમસ્થાન

'પ્રભાત' માટે વાલીઓ માત્ર સ્ટેકહોલ્ડર નહીં, પરંતુ સંસ્થાના અભિન્ન સાથી છે. વાલીઓની કુશળતાનો લાભ બાળકોને મળે તે હેતુથી બેરલ માર્કેટ સેન્ટર ખાતે એક અનોખો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. અહીં એક આર્ટ ગ્રેજ્યુએટ વાલીએ સ્વેચ્છાએ અઠવાડિયામાં એક દિવસ બાળકોને રચનાત્મક પ્રવૃત્તિઓ શીખવવાનું બીડું ઝડપ્યું છે. તાજેતરમાં તેમણે બાળકોને ચિત્ર પર ઝરી-કામ કરવાની બારીકીઓ શીખવી, જેમાં બાળકોએ હોંશભેર ભાગ લીધો. વાલીઓના આ પ્રદાનથી માત્ર બાળકોની સર્જનાત્મકતા ખીલી નથી, પરંતુ અન્ય વાલીઓ માટે પણ સેન્ટર સાથે જોડાવા અને પોતાનું કૌશલ્ય વહેંચવા માટે આ એક પ્રેરણાદાયી પ્લેટફોર્મ બન્યું છે. 'પ્રભાત' માને છે કે જ્યારે વાલીઓ પોતાનું કૌશલ્ય સંસ્થા સાથે જોડે છે, ત્યારે જ સાચા અર્થમાં સમાવેશી શિક્ષણ સાર્થક થાય છે.



## સહાયક સેવાઓ

૦૫ એસ.ટી. પાસ (ઓનલાઈન), ૦૪ મેડિકલ સર્ટિફિકેટ અને ૦૩ પેન્શન ફોર્મની કામગીરી પૂર્ણ કરવામાં આવી. આ ઉપરાંત ઘાટલોડિયા સ્થિત 'બ્લાઈન્ડ હેન્ડીકેપ્ડ વેલ્ફેર સેન્ટર' ના સહયોગથી **૨૨ બાળકોને** શૈક્ષણિક કીટ વિતરિત કરવામાં આવી, જેથી સાધનોના અભાવે તેમનું શિક્ષણ અટકે નહીં.

**Prabhat Education Foundation**
325, Iscon Emporio,
Satellite, Ahmedabad,
Gujarat 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org

PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS